सत्यमेव जयते

**ધનસુરાનાં મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ,મુ.ધનસુરા.**

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૨/૦૨/ ૨૦૨૩ | | |
| દાખલ તારીખ | ૦૨/૦૨/ ૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૧૫/૦૫/૨૦૨૬ | | |
| | વર્ષ | મહીના | દીવસ |
| | | | |

**ફોજદારી કેસ નંબર– ૪૨૧/૨૦૨૩**
**આંક:–**

## FORM-B

| | |
|---|---|
| Date of Offence | 01-12-2020 |
| Date of FIR | 02-12-2020 |
| Date of Charge Sheet | 02-02-2023 |
| Date of Framing of Charge | 17-03-2023 |
| Date of Commencement of Evidence | 27-02-2023 |
| Date of which Judgment is reserved | 27-03-2026 |
| Date of Judgment | 04-05-2026 |
| Date of the Sentencing order, if any | Nil. |

## Accused Details

| Rank of Accused | Name of Accused | Date of Arrest | Date of release | Offence | Whether | Sentence | Period of detention |
|---|---|---|---|---|---|---|---|

| | | | on bail | Charged with | Acquitted or Convicted | imposed | undergone during trial for purpose of Section 428, Cr.P.C. |
|---|---|---|---|---|---|---|---|
| 1 | મુકેશભાઇ બુધાભાઇ પરમાર | ૧૪-૧૨-૨૦ | ૧૪-૧૨-૨૦ | IPC 323, 504 506(2), AND G.P 135 | IPC 323, 504 506(2), AND G.P 135 | - | |
| 2 | દશરથભાઇ પ્રવિણભાઇ પરમાર | ૧૪-૧૨-૨૦ | ૧૪-૧૨-૨૦ | | | | |
| 3 | બાલાભાઇ મથુરભાઇ પરમાર | ૧૪-૧૨-૨૦ | ૧૪-૧૨-૨૦ | | | | |

**ફરીયાદ પક્ષે:- વિ.એપીપીશ્રી.ડી.ડી.પટેલ.**
**બચાવપક્ષે :- વિ.વ.શ્રી.કે.એમ.ભુનાતર.**

## -:: ચુકાદો ::-

(૧) **<u>હકીકત</u> :-** આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીશ્રીને આરોપીના ખેતરમાં મજુરી માટે ગયેલ હોય અને મજુરીના રૂપિયા માગવા જતા આ કામના આરોપીઓએ ફરીયાદીશ્રી ઘરે હાજર હોય તે વખતે એકદમ ઉશ્કેરાઇ જઇ આવી આરોપી નં ૧ ના હાથમાંની લાકડી વડે ફરીયાદીશ્રીને તેમજ સાહેદોને શરીરે હાથ પગના ભાગે તેમજ આરોપી નં. ૨ , ૩ , ૪ નાઓએ ફરીયાદીશ્રી તથા સાહેદોને શરીરે ગડદાપાટુનો માર મારી ઇજાઓ પહોચાડી બિભત્સ ગાળો આપી મે. જીલ્લા મેજી. સા. ના ચાલુ જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ , આ બાબતની ફરીયાદ ધનસુરા પોલીસે ગુના રજી. નં.૧૧૧ ૮૮૦૦૪૨૦૦૯૭૯/૨૦૨૦થી આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સહિતાની

કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એટક કલમ–૧૩૫ મુજબ નો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રી એ તપાસ કરી, તપાસના અંગે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપી વિરૂદ્ધ ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૧૭૩(૨)મુજબ ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરવામાં આવતાં હાલનો કેસ ઉપસ્થિત થયેલ છે.

(૨) **<u>આરોપીઓ હાજર થયે કાર્યવાહી</u> :–**

ઉપરોકત ગુન્હાના કામે આરોપીઓ વિરૂદ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તે આધારે આરોપીઓને સમન્સ કાઢવામાં આવેલ, જે સમન્સ આરોપીઓને બજી જતા આરોપીઓ આ અદાલત સમક્ષ હાજર થતા તેને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી અને સી.આર.પી.સી. કલમ– ૨૪૦ મુજબ આંક–૦૭ થી તહોમતનામું ફરમાવી, આરોપીઓનું પ્રાથમિક નિવેદન આંક– ૦૮ થી ૧૦ સુધી લેવામાં આવતાં આરોપીઓએ ગુન્હા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૨ મુજબ ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ૫૪

(3) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલછે.

**–: <u>મૌખિક પુરાવો</u> :–**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | કનુભાઈ કાન્તીભાઈ પરમાર– ફરીયાદી | ૪૪ |
| ૨. | ભીખાજી શનાજી પરમાર–પંચ | ૪૯ |
| ૩. | ગોપાલસિંહ સોનસિંહ પરમાર–પંચ | ૫૧ |
| ૪. | મનીષભાઈ સરતાનભાઈ દેસાઈ–પંચ | ૬૭ |
| ૫. | શૈલેષભાઈ કાંતીભાઈ પરમાર– સાહેદ | ૪૬ |

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૬. | દીનેશભાઈ કાંતીભાઈ પરમાર– સાહેદ | ૪૭ |
| ૭. | કાંતીભાઈ મથુરભાઈ પરમાર–સાહેદ | ૪૮ |
| ૮. | ડો.રીંકલ વસંતભાઈ પરમાર–ડોકટર સાહેદ | ૫૪ |
| ૯. | રાજદીપસિંહ જીતસિંહ બ.નં.૩૯૦–ત.ક.અ. | ૬૯ |
| ૧૦. | ગાયત્રીબેન કનુભાઈ પરમાર–સાહેદ | ૭૩ |

**–: <u>દસ્તાવેજી પુરાવો</u> :–**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૪૫ |
| ૨. | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૫૦ |
| ૩. | મુદ્દામાલ કબજે કરેલાનુ પંચનામુ | ૫૨ |
| ૪. | એમ.એલ.સી.સર્ટી નં.૪૪૫/૨૦૨૦ | ૫૫ |
| ૫. | દર્દીએ જણાવેલ હીસ્ટ્રી,ઈજાઓ તથા સારવારની નોંધ | ૫૬ |
| ૬. | એમ.એલ.સી.સર્ટી નં.૪૪૬/૨૦૨૦ | ૫૭ |
| ૭. | દર્દીએ જણાવેલ હીસ્ટ્રી,ઈજાઓ તથા સારવારની નોંધ | ૫૮ |
| ૮. | એમ.એલ.સી.સર્ટી નં.૪૪૭/૨૦૨૦ | ૫૯ |
| ૯. | દર્દીએ જણાવેલ હીસ્ટ્રી,ઈજાઓ તથા સારવારની નોંધ | ૬૦ |
| ૧૦. | સુચિપત્ર | ૭૦ |

(૪) આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરવા દરમ્યાન આંક– ૧૪૩ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે અને ત્યાર બાદ બીન સમાધાન લાયક કલમો પુરતો કેસ આગળ ચલાવવાનો હુકમ કરેલ હોય તે મુજબ , ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ મુજબ આરોપીઓનાં વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ પુરાવો પોતાની

હાજરીમાં દેખતાં ને સાંભળતાં લેવામાં આવેલ હોવાનું જણાવી,અન્ય બાબતોનો ઈન્કાર કરી, વિશેષમાં તેઓ નિર્દોષ હોવાનું અને ફરીયાદીએ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે.

(૫) આ કામે સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી.ડી.ડી.પટેલ.ની તથા આરોપી પક્ષે વ.વ.શ્રી.કે.એમ.ભુનાતર ની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે કેસનો ન્યાયી નિર્ણય કરવા માટે નીચેના મુદ્દા મારી સમક્ષ ઉપસ્થિત થાય છે.

## -: <u>મુદ્દાઓ</u> :-

(૧) શું ફરીયાદપક્ષ વાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીશ્રીને આરોપીના ખેતરમાં મજુરી માટે ગયેલ હોય અને મજુરીના રૂપિયા માગવા જતા આ કામના આરોપીઓએ ફરીયાદીશ્રી ઘરે હાજર હોય તે વખતે એકદમ ઉશ્કેરાઇ જઇ આવી આરોપી નં ૧ ના હાથમાંની લાકડી વડે ફરીયાદીશ્રીને તેમજ સાહેદોને શરીરે હાથ પગના ભાગે તેમજ આરોપી નં.૨,૩,૪ નાઓએ ફરીયાદીશ્રી તથા સાહેદોને શરીરે ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોચાડી બિભત્સ ગાળો આપી મે.જીલ્લા મેજી.સા.ના ચાલુ જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ આરોપીઓએ ભારતીય દંડ સહિતાની કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ- ૧૩૫ મુજબ નો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના ન્યાયી નિર્ણયના જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## -: <u>નિર્ણય અંગેના કારણો</u> :-

**<u>મુદ્દાનંબર-૧ અંગે</u> :-**

(૮) મુદ્દા નં.૧ અન્વયે પુરાવાની ચર્ચા કરીએ તો આ

કામે આરોપી સામે ભારતીય દંડ સહિતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ– ૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત છે. વધુમાં ફરીયાદપક્ષે જે પુરાવો રજુ થયેલ છે તે લક્ષ માં લઈ આરોપી વિરુઘ્ધ ઉપરોકત તહોમતનામાંમા જણાવેલ ગુન્હાના તત્વો પૈકીનું કોઈ તત્ત્વ પુરવાર થાય છે કે કેમ ? તે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરીને આ કેસનો નિર્ણય કરવાનો રહે છે.

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ફરીયાદી–કનુભાઈ કાંતીભાઈ પરમાર નાઓને આંક– ૪૪ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , હુ ધોરણ–૪ સુધી ભણેલો છુ. ફરીયાદ વાળો બનાવ આજથી આશરે પાંચ વર્ષ અગાઉ પાટીયો ગામે ખેતરમા સાંજના સાત વાગે બનેલ. બનાવના દીવસે મારા નાના ભાઈ શૈલેષભાઈ પ્રવિણભાઈ બાલાભાઈ પાસે ખેતી કામના પૈસા માંગતો હતો. આ પૈસા બાબતે લડેલા અને બબાલ થયેલ. આ ઝઘડો દશરથભાઈ અને મુકેશભાઈ સાથે થયેલ. આ ઝઘડામા મારી છોકરી ગાયત્રીને મુકેશભાઈએ લાફો મારેલ. આ ઝઘડામા મારા નાના ભાઈ શૈલેષભાઈને પણ માર મારેલ. આ બંનેએ મારા ભાઈ શૈલેષભાઈ ને માર મારેલ. આરોપીઓ પાસે બનાવ સમયે લાકડી હતી. મારા ભાઈ ને લાકડી મારેલ. આ લાકડી મારેલ ત્યારે મુકેશભાઈ અને દશરથભાઈ હતા. મારી સાથે કાંઈ બનેલ નહી. આ સીવાય આ ઝઘડામા મારા ઘરના સભ્યો સાથે કોઈ બનાવ બનેલ નહી. આ ઝઘડો કામના પૈસા બાબતે થયેલ. મારા ભાઈ શૈલેષભાઈ તથા મારી દીકરી ગાયત્રીને રીક્ષામા સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા. બનાવની મે ફરીયાદ આપેલ. મને ફરીયાદ બતાવવામા આવે છે જેમા મારી સહી છે જે જોઈ હુ ઓળખી બતાવુ જે ફરીયાદ રજુ દા.આંક.૪૫.આરોપીઓ આજરોજ નામ.કોર્ટ માં હાજર છે તે જ છે. મારી દીકરી ગાયત્રીબેનનની ઉંમર આશરે ૨૦ થી ૨૨ વર્ષની હશે. તે હાલમા દશ ધોરણ માં આવશે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. દ્વારા કરવામા

આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે ,એ વાત ખરી છે કે આરોપીઓ અને હુ કુટુંબી ભાઈઓ છીએ. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે દશરથભાઈ અને મુકેશભાઈ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હતી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બોલાચાલી અને મારા મારી થઈ હતી. એ વાત ખરી નથી કે આ મારામારી બાબતે કોઈ જગ્યાએ દવા કરાવી નથી. એ વાત ખરી છે કે અમારે અને આરોપીઓને અવાર નવાર બોલાચાલી થતી હોય છે. એ વાત ખરી છે કે સામાન્ય બોલાચાલી થતા આવેશમા આવી ફરીયાદ આપી હતી. સવાલ– જો ગામના બે માણસો ભેગા થઈ સમાધાન કરી આપે તો સમાધાન કરવા તૈયાર છો?

જવાબ– મારો ભાઈ શૈલેષ અને દીનેશ કહે તો.

એ વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે અંધારુ હતુ, ઘણા બધા માણસો ભેગા થઈ ગયા હતા જેથી કોણે કોને માર્યુ તે હુ ના કહી શકુ. એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમા જણાવેલી હકીકત ખોટી જણાવી છે.

(૧૦) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા પંચ સાહેદ– ભીખાજી શનાજી પરમાર ઓને આંક– ૪૯ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , તા.૦૨/૧૨/૨૦ ના રોજ પોલીસે મને મારા ગામે સ્ટેન્ડ પાસે બોલાવી એક લખેલ પંચનામામા મારી સહી કરાવી હતી. સહી શી બાબતે કરાવી હતી તેની મને ખબર નથી. પોલીસે મારી હાજરીમા કોઈ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નહી. મને ગુનાવાળ ી જગ્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમા મારી પંચ–૨ તરીકે સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક.૫૦. પંચનામામા સહી કર્યા સીવાય બીજી કોઈ હકીકત જાણતો નથી. ત્યાર બાદ વિએપીપી ધ્વારા સદરહુ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા હોય તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમ છતા પણ ફરીયાદીએ તેઓએ કરેલ ફરીયાદ હકીકતને સમર્થન કારી પુરાવો રજુ કરેલ નથી.

ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત ખરી છે કે પોલીસે એક લખેલ તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા સહી કરી હતી. એ વાત ખરી છે કે સહી કર્યા સીવાય બીજી કોઈ હકીકત જાણતો નથી. આમ ફરીયાદ હકીકતને સમર્થન આપતો પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

(૧૧) વધુમાં ફરીયાદ પક્ષે પંચ સાહેદ ગોપાલસિંહ સોનસિંહ પરમારને આંક–૫૧ થી તથા મનીષભાઈ સરતાનભાઈ દેસાઈને આંક–૬૭ થી ની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તા.૧૪/૧૨/૨૦ ના રોજ પોલીસે વડાગામ ચાર રસ્તા પાસે બોલાવી એક લખેલ પંચનામામા સહી કરાવી હતી. સહી શી બાબતે કરાવી હતી તેની ખબર નથી. પોલીસે અમોની હાજરીમા કોઈ મુદ્દામાલ કબજે કરેલ નહી. મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ બતાવવામા આવે છે જેમા અમોની પંચો તરીકે સહી છે જે પંચનામુ રજુ દા.આંક.પર.પંચનામામા સહી કર્યા સીવાય બીજી કોઈ હકીકત જાણતા નથી. આમ સાહેદોની જુબાનીનુ પુરાવાકીય મુલ્યાકન કરવામા આવે સદર સાહેદોનીની જુબાનીથી ફરીયાદ હકીકતને સમર્થન કારી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૨) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ– શૈલેષભાઈ કાંતીભાઈ પરમારઓને આંક– ૪૬ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , આ કામના ફરીયાદી મારા મોટા ભાઈ થાય છે. ફરીયાદ વાળો બનાવ આજથી આશરે ત્રણ–ચાર વર્ષ અગાઉ પાટીયો ગામે અમારા ઘર આગળ સાંજના પાંચ વાગે બનેલ. બનાવના દીવસે હુ કડીયા કામના પૈસા લેવા બાલાભાઈ ના ઘરે ગયેલ. પછી હુ તેમના ઘરેથી મારા ઘરે આવેલ. મારા ઘરે મુકેશભાઈ, દશરથભાઈ અને બાલાભાઈ આવેલા અને તેમને મને લાકડીથી માર મારેલ. મને લાકડી દશરથભાઈ તેમજ મુકેશભાઈએ મારેલ. મને બચાવવા મારા પપ્પા, મારા ભાઈ કનુભાઈ તથા દીનેશભાઈ તેમજ ભત્રીજી ગાયત્રી બેન આવેલા.

મને તેમજ મારી ભત્રીજીને દશરથભાઈ અને મુકેશભાઈએ માર મારેલ. માથાકુટ પૈસા બાબતે થયેલ. લાકડી ગાંઠા વાળી હતી તે હુ અત્યારે ઓળખી શકુ નહી. ૧ ૦૮ મારફતે બાયડ મુકામે સરકારી દવાખાને ગયેલ. બનાવની ફરીયાદી મારા ભાઈ કનુભાઈએ આપેલ. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલ. આ કામના આરોપીઓ મારા કુટુંબી થાય છે અને આજરોજ નામ.કોર્ટ માં હાજર છે તે જ છે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે અમારે સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે બનાવ સમયે અંધારુ હતુ. એ વાત ખરી છે કે બનાવ સમયે ટોળુ ભેગુ થઈ ગયેલ હતુ. એ વાત ખરી નથી કે ટોળામા કોણે કોને મારેલ તે હુ ના કહી શકુ. એ વાત ખરી છે કે પોલીસે ખાલી મારુ નામ ઠામ પુછેલ બાકીનુ પોલીસે લખી લીધુ હતુ. સાહેદ સ્વેચછાએ જણાવે છે કે કેસ કરવા ગયા ત્યારે જે જે બન્યુ હતુ તે લખાવ્યુ હતુ. તે વાત ખરી નથી કે કડીયાકામના કે ખેત મજુરી ના પૈસા બાકી હતા તે મે લખાવ્યુ નથી. તે વાત ખરી છે કે મજુરીના પૈસા હુ લેવા ગયો હતો. ગાયત્રી બેન ગયા ન હતા.

સવાલ– બનાવ ચોકકસ કેટલા વાગે બનેલો તે તમે ના કહી શકો તે વાત ખરી?

જવાબ– પાંચ–છ ના સમય ગાળામા.

એ વાત ખરી છે કે ફરીયાદી મારા મોટા ભાઈ થતા હોય તેમના કહેવાથી હુ આજરોજ જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બન્યો ના હોવા છતાં સરતપાસમા જણાવેલી હકીકત ખોટી જણાવી છે. એ વાત ખરી નથી કે આવી કોઈ દવા કરાવી નથી.

(૧૩) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ– દીનેશભાઈ કાંતીભાઈ પરમાર ઓને આંક– ૪૭ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , હુ ધોરણ–૬ સુધી ભણેલો છુ.

આ કામના ફરીયાદી મારા મોટા ભાઈ થાય છે. ફરીયાદ વાળો બનાવ આજથી આશરે બે–ત્રણ વર્ષ અગાઉ પાટીયો ગામે અમારા ઘર આગળ સાંજના છ થી સાડા છ વાગે બનેલ. બનાવના દીવસે બાલાભાઈ મથુરભાઈ, મુકેશભાઈ બુધાભાઈ, દશરથભાઈ પ્રવિણભાઈ નાઓએ મારા ભાઈ શૈલેષભાઈ સાથે બબાલ કરેલ. આ બબાલ મારા મોટા ભાઈને મજુરીના પૈસા પ્રવિણભાઈ બાલાભાઈ પાસેથી લેવાના હતા અને પૈસા મારો નાનો ભાઈ શૈલેષ લેવા ગયેલો તેથી તેની સાથે કરેલ. બુમાબુમ થતા હુ મારા ઘરેથી બનાવ વાળી જગ્યાએ આવેલ. શૈલેષભાઈને પાડી દીધેલ હતો. હુ તથા મારી ભત્રીજી ગાયત્રી તથા મારા પપ્પા વચ્ચે પડતા મારા ભાઈ શૈલેષભાઈ, કનુભાઈ અને ભત્રીજી ગાયત્રીને માર મારેલ. આ માર આરોપીઓએ મારેલ. આરોપીઓ પાસે બનાવ સમયે સોટા હતા. ૧૦૮ મારફતે ત્રણેયને બાયડ મુકામે સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ. ફરીયાદ મારા ભાઈ કનુભાઈએ લખાવેલ. પોલીસે મારી પુછપરછ કરી જવાબ લીધેલ. આ કામના આરોપીઓ મારા કુટુંબી થાય છે અને આજરોજ નામ.કોર્ટ માં હાજર છે તે જ છે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે અમારે સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે બનાવ સમયે અંધારુ હતુ. એ વાત ખરી છે કે બનાવ સમયે ટોળુ ભેગુ થઈ ગયેલ હતુ. એ વાત ખરી છે કે ટોળામા કોણે કોને મારેલ તે હુ ના કહી શકુ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ટોળામા મારા મારી થતી હતી. એ વાત ખરી છે કે પોલીસે ખાલી મારુ નામ ઠામ પુછેલ બાકીનુ પોલીસે લખી લીધુ હતુ. એ વાત ખરી નથી કે મે મારી સરતપાસમા જણાવેલી હકીકત ખોટી જણાવી છે.

(૧૪) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ– કાંતીભાઈ મથુરભાઈ પરમાર ઓને આંક– ૪૮ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , હુ ધોરણ–૭ સુધી ભણેલો છુ.

આ કામના ફરીયાદી કનુભાઈ મારો છોકરો થાય છે. ફરીયાદ વાળો બનાવ આશરે બે–ત્રણ વર્ષ અગાઉ પાટીયો ગામે અમારા ભાઈઓના ઘરો આગળ સાંજના બનેલ.બનાવ બનેલ તે સમયે હુ બહાર ગામ હતો. આ ઝઘડો પૈસા બાબતે થયેલ. કનુભાઈને મજુરી કામનાપૈસા પ્રવિણભાઈ પાસે લેવાના હતા. કનુભાઈ પૈસા લેવા જતા આ ઝઘડો થયેલ અને સામસામે મારા મારી થયેલ. આ સીવાય આ ઝઘડા બાબતે હુ કાંઈ જાણતો નથી. પોલીસે મારુ નીવેદન લીધેલ. ત્યાર બાદ વિએપીપી ધ્વારા સદરહુ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરેલા હોય તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમ છતા પણ ફરીયાદીએ તેઓએ  કરેલ ફરીયાદ હકીકતને સમર્થન કારી પુરાવો રજુ કરેલ નથી. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત ખરી છે કે આરોપીઓ અને હુ કુટુંબી ભાઈઓ છીએ. એ વાત ખરી છે કે પ્રવિણભાઈ તા.૧૬/૫/૨૪ ના રોજ અવસાન પામ્યા છે. એ વાત ખરી છે કે તેમનુ શંકાસ્પદ મૃત્યુ થયેલ હોવા બાબતની ફરીયાદ આપી છે. એ વાત  ખરી છે કે તે દીવસે હુ બહાર ગામ હોવાથી જાણતો નથી. એ વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ સરનામુ પુછેલ.

(૧૫) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ડોકટર સાહેદ– ડો.રીકલ વસંતભાઈ પરમાર ઓને આંક– ૫૪ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , મે એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ છે. સને–૨૦૧૭–૨૦ ના વર્ષમા સી.એચ.સી.બાયડ મુકામે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતી હતી તે દરમીયાન તા.૦૧/૧૨/૨૦૨૦ ના રોજ દર્દી નામે શૈલેષભાઈ કાંતીભાઈ મથુરભાઈ પરમાર અને ગાયત્રીબેન કનુભાઈ પરમારનાઓ પોલીસ યાદી વગર સી.એચ.સી.બાયડ મુકામે સારવાર માટે આવતા નિયમમુજબ તેઓના કેસ પેપર્સ તૈયાર કરી સ્ટાફ ધ્વારા તપાસણી માટે મારી પાસે મોકલતા મે તેઓનેતપાસેલ.

દર્દી નામે શૈલેષભાઈ કાંતીભાઈ પરમાર ઉ.વ.૩૦ રહે,પાટયો તા.ધનસુરા

જી.અરવલ્લીને તા.૧/૧૨/૨૦૨૦ નારોજ રાત્રીના ૧૧.૦૦ વાગ્યે તપાસતા તેમણે કેસની હીસ્ટ્રીમાં એવુ જણાવ્યુ હતુ કે, '' જમણા હાથમાં, છાતીમાં અને ડાબા પગે લાકડી મારી.મુકેશ દુધા અને પ્રવિણભાઈ બાલાભાઈ એ '' તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ હતી.

(૧) જમણા હાથે દુખાવો થતો હતો અને સોજો આવેલ હતો.જમણા હાથની હલનચલન કરતા દુખાવો થતો હતો.

(૨) છાતીના ડાબા ભાગે દુખાવો હતો.

(૩) જમણા પગે દુખાવો હતો.

દર્દીને સારવારમાં ધનુર નુ ઈન્જેકશન,પેઈન કીલર તથા એન્ટી બાયોટીક દવાઓ આપેલ હતા.દર્દીને ઓ.પી.ડી.પેશન્ટ તરીકે સારવાર આપેલ હતી.આ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ થી થઈ શકે તેવી હતી.ઈજાઓ સાદા પ્રકારની હતી.જેમને આરામ થતા આશરે ૨ થી ૩ અઠવાડીયાનો સમય લાગી જાય.સદર દર્દીને સારવાર આપવા અંગેનુ હુ એમ.એલ.સર્ટી આજરોજ લાવેલ છુ જે સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમાં છે અને તેમા દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તથા દર્દીને થયેલ ઈજાઓ તથા સારવારની નોંધ કરેલ છે તેમાં મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ એમ.એલ.સી.સર્ટી નં.૪૪૫/૨૦૨૦ ને રજુ દા.આં.૫૫. આપવામાં આવે છે.સદર દર્દીના અસલ કેસ પેપર્સ આજરોજ લાવેલ છુ જેમાં જે કેસ પેપર્સ મારા હસ્તાક્ષરમાં છે અને તેમા દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તથા દર્દીને થયેલ ઈજાઓ તથા સારવારની નોંધ કરેલ છે તેમાં મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ જે કેસ પેપર્સ રજુ દા.આં.૫૬. આપવામાં આવે છે.

દર્દી નામે કાંતીભાઈ મથુરભાઈ પરમાર ઉ.વ.૬૦ રહે,પાટયો તા.ધનસુરા જી.અરવલ્લીને તા.૧/૧૨/૨૦૨૦ નારોજ રાત્રીના ૧૧.૦૦ વાગ્યે તપાસતા તેમણે કેસની હીસ્ટ્રીમાં એવુ જણાવ્યુ હતુ કે,'' ધારીયુ મારી ડાબા પગમાં અને ડાબા

હાથ ઉપર લાકડી મારી સાંજે ૭ વાગે મારા ઘરે પ્રવિણ બાલા અને મુકેશ દુધાએ '' સદર દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ હતી.

(૧) ડાબા સાથળમાં નીચેના ભાગે ઉજરડો પડી ગયો હતોજે આશરે ૨×૧×૧ સી.એમ. સાઈજનો હતો.

(૨) ડાબા હાથે સોજો આવેલ હતો અને દુખાવો થતો હતો.ડાબા હાથની હલનચલનની ક્રીયામાં દુખાવો થતો હતો.

દર્દીને સારવારમાં ધનુરનુ તથા દુખાવાનુ ઈન્જેકશન આપેલ હતુ અને પેઈન કીલર તથા એન્ટીબાયોટીક દવાઓ આપેલ હતી.

દર્દીને ઓ.પી.ડી.પેશન્ટ તરીકે સારવાર આપેલ હતી.આ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ થી થઈ શકે તેવી હતી.ઈજાઓ સાદા પ્રકારની હતી.જેમને આરામ થતા આશરે ૨ થી ૩ અઠવાડીયાનો સમય લાગી જાય.સદર દર્દીને સારવાર આપવા અંગેનુ હુ એમ.એલ.સર્ટી આજરોજ લાવેલ છુ જે સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમાં છે અને તેમા દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તથા દર્દીને થયેલ ઈજાઓ તથા સારવારની નોંધ કરેલ છે તેમાં મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ એમ.એલ.સી.સર્ટી નં.૪ ૪૬/૨૦૨૦ ને રજુ દા.આં.૫૭. આપવામાં આવે છે.સદર દર્દીના અસલ કેસ પેપર્સ આજરોજ લાવેલ છુ જેમાં જે કેસ પેપર્સ મારા હસ્તાક્ષરમાં છે અને તેમા દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તથા દર્દીને થયેલ ઈજાઓ તથા સારવારની નોંધ કરેલ છે તેમાં મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ જે કેસ પેપર્સ રજુ દા.આં.૫૮. આપવામાં આવે છે.

દર્દી નામે ગાયત્રીબેન કનુભાઈ પરમાર ઉ.વ.૧૨ રહે,પાટયો તા.ધનસુરા જી.અરવલ્લીને તા.૧/૧૨/૨૦૨૦ નારોજ રાત્રીના ૧૧.૦૦ વાગ્યે તપાસતા તેમણે કેસની હીસ્ટ્રીમાં એવુ જણાવ્યુ હતુ કે,'' ડાબા પગમાં લાકડી મારી મુકેશ દુધાએ અને પ્રવિણ બાલાએ સાંજે ૭ વાગ્યાની આસપાસ '' સદર દર્દીને તપાસતા

નીચે મુજબની ઈજાઓ હતી.

(૧) ડાબા સાથળમાં દુખાવો થતો હતો અને સોજો આવેલ હતો.દર્દીને ચાલવા મા અને ઉભા રહેવામાં તકલીફ થતી હતી.ડાબા ભાગની હલનચલનની ક્રીયામાં દુખાવો થતો હતો.

દર્દીને સારવારમાં ધનુરનુ તથા દુખાવાનુ ઈન્જેકશન આપેલ હતુ અને પેઈન કીલર તથા એન્ટીબાયોટીક દવાઓ આપેલ હતી.

દર્દીને ઓ.પી.ડી.પેશન્ટ તરીકે સારવાર આપેલ હતી.આ ઈજાઓ સખત અને બોથડ પદાર્થ થી થઈ શકે તેવી હતી.ઈજાઓ સાદા પ્રકારની હતી.જેમને આરામ થતા આશરે ૨ થી ૩ અઠવાડીયાનો સમય લાગી જાય.સદર દર્દીને સારવાર આપવા અંગેનુ હુ એમ.એલ.સર્ટી આજરોજ લાવેલ છુ જે સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમાં છે અને તેમા દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તથા દર્દીને થયેલ ઈજાઓ તથા સારવારની નોંધ કરેલ છે તેમાં મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ એમ.એલ.સી.સર્ટી નં.૪૪૭/૨૦૨૦ ને રજુ દા.આં.૫૯. આપવામાં આવે છે.સદર દર્દીના અસલ કેસ પેપર્સ આજરોજ લાવેલ છુ જેમાં જે કેસ પેપર્સ મારા હસ્તાક્ષરમાં છે અને તેમા દર્દીએ જણાવેલ હીસ્ટ્રી તથા દર્દીને થયેલ ઈજાઓ તથા સારવારની નોંધ કરેલ છે તેમાં મારી સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ જે કેસ પેપર્સ રજુ દા.આં.૬૦. આપવામાં આવે છે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત ખરી છે કે દર્દીઓ પોલીસ યાદી સાથે આવ્યા ન હતા સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસ સ્ટેશને જઈને આવ્યા હતા.એ વાત ખરી છે કે મે હીસ્ટ્રી બાબતની જાણ પોલીસને કરી ન હતી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મે કેસ પેપર્સમાં એવી નોંધ કરી છે કે દર્દી પોલીસ સ્ટેશન જઈને આવ્યા હતા.એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકિત પથ્થર વાળી જમીન ઉપર પડે તો પણ આ પ્રકારની ઈજા થઈ શકે સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે કેવી રીતે પડે છે તેના ઉપર પણ આધાર રાખે છે.એ વાત ખરી નથી કે શૈલેષભાઈને કોઈ દેખીતી ઈજાઓ ન હતી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સોજો હતો.એ વાત ખરી

છે કે ધારીયુ મારવાથી ઉજરડો ન થાય પરંતુ ગંભીર ઈજા થાય સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ધારીયુ વાગ્યુ છે કે તેનો હાથો વાગ્યો છે તેના ઉપર આધાર રાખે છે.એ વાત ખરી છે કે સામાન્ય રીતે બોથડ પદાર્થ મારવાથી ફ્રેકચર થઈ શકે.એ વાત ખરી નથી કે ગાયત્રીબેનને કોઈ દેખીતી ઈજાઓ ન હતી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સોજો હતો.એ વાત ખરી છે કે ઈજાઓ કેટલી જુની છે તે મે મારા સર્ટીફીકેટમાં જણાવ્યુ નથી સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ગાયત્રીબેને એવુ જણાવ્યુ હતુ કે સાંજે ૭ વાગ્યાની આસપાસ ઈજા થઈ હતી.એ વાત ખરી છે કે કફ જેવી બીમારીમાં છાતીમાં દુખાવો થાય સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સાથે બીજા લક્ષણો પણ હોય.એ વાત ખરી છે કે કોઈપણ પડખે એકધારૂ સુઈ રહેવામાં આવે તો પણ દુખાવો થઈ શકે.એ વાત ખરી નથી કે મે દર્દીઓની તપાસ જાતે કરી નથી.એ વાત ખરી નથી કે મે આવા કોઈ દર્દીને તપાસ્યા ન હોવા છતા સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**(૧૬)** ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ત.ક.અ. (બ.નં.–૩૯૦)– રાજદીપસિંહ જીતસિંહ ઓને આંક– ૬૯ થી તપાસવામા આવેલ છે. સને–૨૦૨૦ ના વર્ષમાં હું ધનસુરા પો.સ્ટે.અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો. તા.૦૨/૧૨/૨૦૨૦ ના રોજ ફરીયાદી કનુભાઈ કાન્તીભાઈ પરમાર ધ્વારા ધનસુરા પો.સ્ટે.એ આવી મારા મારી અં ગેની ફરીયાદ આપતા પી.એસ.ઓ.વુમન હે.કોન્સ.સવીતાબેન ધ્વારા ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લઈ ધનસુરા પો.સ્ટે.માં ગુનો રજીસ્ટર કરી સુચીપત્ર તૈયાર કરી આ ગુનાની તપાસ મને સોંપેલ. મને સુચીપત્ર બતાવવામાં આવે છે જે ધનસુરા પો. સ્ટે. ગુ. ર. નં.૯૭૯ /૨૦૨૦ ઈ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) વીગેરે મુજબના ગુનાના કામેનુ છે જેમાં પી.એસ.ઓ. વુમન હે.કોન્સ.સવીતાબેનની સહી છે જે જોઈને ઓળખી બતાવુ છુ જે રજુ દા.આંક.૭૦.તપાસના કામે ગુનાવાળી જગ્યા તે પાટચો ગામે જઈ ફરીયાદી કનુભાઈએ બતાવેલ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ. સદર ગુનાવાળી જગ્યા સાહેદ કાન્તીભાઈના મકાનની બાજુમાં ખુલ્લી જગ્યાએ આવેલ હતી. મને આંક–૫૦ વાળી જગ્યાનુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચોની સહીઓ તથા

રૂબરૂ  તરીકે મારી સહીઓ છે જે જોઈને ઓળખી બતાવુ છુ. મે મળી આવેલ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ. સાહેદોએ મારી રૂબરૂના નિવેદનોમાં ફરીયાદ વાળો બનાવ બનેલાની હકીકત લખાવેલ.

સાહેદ કાન્તીભાઈ મથુભાઈ પરમાર નુ નિવેદન લીધેલ તેઓએ મારી રૂબરૂના નિવેદનમાં એવી હકીકત લખાવેલ કે '' આજરોજ હુ મારા ઘરે હાજર હતો તે વખતે બહાર થી ઝઘડાનો અવાજ આવતા હુ ઘરની બહાર આવી જોતા અમારા ગામના પ્રવિણભાઈ બાલાભાઈ પરમાર તથા મુકેશભાઈ બુધાભાઈ પરમાર તથા દશરથભાઈ પ્રવિણભાઈ પરમાર તથા બલાભાઈ મથુરભાઈ પરમાર નાઓ મારા પુત્ર કનુભાઈ તથા શૈલ ેષભાઈ સાથે ઝઘડો કરી લાકડી વડે માર મારતા હોય જેથી હુ તથા દીનેશભાઈ તથા કનુભાઈ ની દીકરી ગાયત્રીબેન પરમાર નાઓ આવી વચ્ચે પડતા અમોને પણ ગડદાપાટુનો માર મારતા હતા અને ત્યાર બાદ બીભત્સ ગાળો બોલી કનુભાઈને ફરીથી લાકડીથી શરીરના ભાગે માર મારેલ અને બાથે પડી જઈ ગડદાપાટુનો માર મારેલ અને કહેતા હતા કે મજુરીના રૂપીયા નહી મળે તારે જ કરવુ હોય તે કરી લેજે. '' તપાસના કામે ઈજા પામનાર સૈલેષભાઈ, કાન્તીભાઈ અને ગાયત્રીબેનના ઈન્જરી સર્ટીફીકેટ મેળવેલ. આરોપીઓને અટક કરેલ અને આરોપી મુકેશભાઈ બુધાભાઈ નાઓએ ગુનામાં વપરાયેલ હથીયાર વાંશની લાકડી રજુ કરતા બે પંચના માણસો બોલાવી પંચો રૂબરૂ આરોપીએ રજુ કરેલ લાકડી મુદામાલ તરીકે કબજે કરેલ. મને આંક–પર નુ પંચનામુ બતાવવામાં આવે છે જે મે પંચો રૂબરૂ મુદામાલ તરીકે કબજે કરેલ છે તે છે અને જેમાં પંચોની સહીઓ તથા રૂબરૂ તરીકે મારી સહીઓ છે જે જોઈને ઓળખી બતાવુ છુ. મારી તપાસમાં આ કામના આરોપીઓને ફરીયાદી ખેત મજુરના રૂપિયા માંગવા જતા ઉશ્કેરાઈ જઈ આરોપી નં.૧ નાએ લાકડી વડે ફરીયાદી તથા સાહેદોને શરીરના ભાગે મારી તેમજ આરોપી નં.૨,૩,૪ નાઓએ ફરીયાદી સાહેદોને ગળદા પાટુનો માર  મારી બીભત્સ ગાળો બોલી જીલ્લા મેજી.સાહેબના જાહેર નામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેનો પુરતા પુરાવા મળી આવતા

નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ. આરોપીઓને જોયેલ ઓળખી શકુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીનાવિ.વ.શ્રી.ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત ખરી નથી કે મે તૈયાર પં ચનામામાં પંચોની સહીઓ લીધેલ છે.એ વાત ખરી છે કે કહેવાતા બનાવવાળા બનાવના સ્થળનો કોઈ ૭/૧૨ રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે આ કહેવાતા બનાવવાળા સ્થળના આજુબાજુ વાળા ખેતરોના માલીકોના કોઈ નીવેદનો લીધેલ નથી. મે પંચનામુ કલાક–૮/૩૦ થી કલાક–૯/૦૦ સુધી કરેલ. એ વાત ખરી નથી કે મે સાહેદોના નીવેદનો મે મારી રીતે લખી દીધેલ, સાહેદોએ આવા કોઈ નીવેદનો લખાવેલ નથી.એ વાત ખરી નથી કે મે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી છે કે મે લીધેલ નિવેદનો ફરીયાદીના કુંટુંબીઓના છે. એ વાત ખરી નથી કે ફરીયાદમાં ચાર આરોપીઓ વીરુધ્ધ ફરીયાદ કરી હોવા છતા ત્રણ આરોપીઓ વીરુધ્ધ ખોટી ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ન હોવા છતા આરોપીઓ વીરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવેલ હકીકત ખોટી જણાવુ છુ.

(૧૭) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા સાહેદ– ગાયત્રીબેન કનુભાઈ પરમાર ઓને આંક– ૭૩ થી તપાસવામા આવેલ છે. જેમની જુબાનીનુ મુલ્યાકત કરવામા આવે તો સાહેદે એવો પુરાવો આપેલ છે કે , આ કામના ફરીયાદી કનુભાઈ કાં તીભાઈ પરમાર મારા પપ્પા થાય છે.હુ ધોરણ–૯ સુધી ભણેલી છુ. હાલ હુ મારી સાસરી નવા ધરા મુકામે રહુ છુ.આ કામના આરોપી મુકેશભાઈ બુધાભાઈ પરમાર,દશરથભાઈ પ્રવિણભાઈ પરમાર અને બાલાભાઈ મથુરભાઈ પરમાર તમામ રહે,પાટયોનાઓને હુ ઓળખુ છુ. ફરીયાદ વાળો બનાવ આશરે ત્રણ–ચાર વર્ષ અગાઉ પાટીયો ગામે અમારા ઘર આગળ સાંજના ૭ વાગે બનેલ.બનાવ બન્યો તે દિવસે પ્રવિણભાઈ પાસે પૈસા લેવા માટે મારા કાકા ગયા હતા.બનાવના દિવસ ે દશરથભાઈ,બાલાભાઈ અને મુકેશભાઈ અમારા ઘરે આવેલા અને તેઓ મારા

પપ્પાને મારતા હતા.આ ત્રણેય પાસે લાકડીઓ હતી અને લાકડીથી માર મારતા હતા.મારા પપ્પાને મારતા હોય હુ વચ્ચે પડતા મને પણ લાકડી વાગેલ આ લાકડી કોણે મારેલી તેની મને ખબર નથી.આ ત્રણેય આરોપીઓ ગાળો બોલતા હતા.આ સિવાય બીજુ કંઈ આ ત્રણેય આરોપીઓ બોલેલ નથી.આ કામના આરોપીઓને જોયે હુ ઓળખુ છુ આજરોજ નામ.કોર્ટમાં મુકેશભાઈ અને બાલાભાઈ હાજર છે તે જ છે.આરોપી દશરથભાઈ હાજર નથી. પોલીસે મારો જવાબ લીધેલો નહી. ત્યાર બાદ ઉલટતપાસ આરોપીના વિ.વ.શ્રી. ધ્વારા કરવામા આવતા ફરીયાદી સાહેદે તેઓની ઉલટતપાસમા એ વાત કબુલ રાખેલ છે કે , એ વાત ખરી છે કે બનાવ બન્યો તે સમયે હુ ઘરમાં હતી.એ વાત ખરી છે કે બનાવ બન્યો તે સમયે અંધારુ હતુ.એ વાત ની મને ખબર નથી કે લાડકીઓ કોના હાથમાં હતી.એ વાત ખરી નથી કે મે કોઈ સારવાર કરાવેલ નથી.એ વાત ખરી છે કે આ કામના આરોપીઓ મારા કુટુંબી થાય છે.એ વાત ખરી છે કે મુકેશભાઈ અને અમારે એકબીજાના ઘરે આવવાના સબંધો છે.એ વાત ખરી છે કે મુકેશભાઈ સાથે સમાધાન થઈ ગયેલ છે.એ વાત ખરી નથી કે સામાન્ય બોલાચલી સિવાય બીજુ કંઈ બનેલ નથી.એ વાત ખરી નથી કે મારા પપ્પાને લાકડી મારેલ હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી નથી કે સરતપાસમાં જણાવેલ તમામ હકીકતો ખોટી છે.એ વાત ખરી નથી કે આરોપીઓ ગાળો બોલતા હોય તેવુ બનેલ નથી.એ વાત ખરી નથી કે હુ આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> :–**

(૧૮) આરોપી વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ–૩૨૩ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે, તે અંગે જોઈએ તો, ઈ.પી.કોડની કલમ–૩૨૩ નીચે મુજબ છે :–

- **<u>ઈ.પી.કોડની કલમ–૩૨૩ નીચે મુજબ છે.</u>**
- 

➔ **ઈ.પી.કોડની કલમ–૩૨૩ સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા :–**

‘‘કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં જણાવેલ સંજોગોમાં હોય, તે સિવાય સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા એકહજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે.’’

➔

**ઈ.પી.કોડની કલમ–૩૨૩ સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડવાના તત્ત્વો :–**

➔ (૧) આરોપીએ શારીરિક પીડા, રોગ, અથવા અશકિત નિપજાવ્યા.

(૨) આવું કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું.

**(૧૯)** આરોપી વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ–૫૦૪ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે, તે અંગે જોઈએ તો, ઈ.પી.કોડની કલમ–૫૦૪ નીચે મુજબ છે :–

◆ **ઈ.પી.કો.કલમ–૫૦૪ સુલેહભંગ કરવા ઉશ્કેરવાના ઈરાદાથી અપમાન :–**

“ ઉશ્કેરાઈ જઈને કોઈ વ્યકિત જાહેર સુલેહશાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુન્હો કરી બેસે તેવા ઈરાદાથી અથવા કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો કરી બેસશે તેવો સંભવ હોવાનું જાણવા છતા કોઈ પણ વ્યકિત ઈરાદાપુર્વક અન્ય કોઈ વ્યકિતનું અપમાન કરીને, તેને એવા ઉશ્કેરાટનું કારણ આપે તેને બે વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.’’

➔ **ઈ.પી.કો.કલમ–૫૦૪ ના આવશ્યક તત્ત્વો નીચે મુજબ છે :–**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈ વ્યકિતનું અપમાન કર્યું,

૨. તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યકિત જાહેર સુલેહ શાંતિનો

ભંગ કરશે થવા ગુન્હો કરી બેસશે.

ઉપરોકત કલમ અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો જે 2007(1)4 જી.એલ.એચ., પાના નં.–337 પર પ્રસિદ્ધ થયેલ છે તેમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, ઈ.પી.કોડની કલમ–૫૦૪ પુરવાર કરવા માટે ચોકકસ શબ્દો રેકર્ડ પર આવવા જોઈએ. જેથી નિર્ણય કરી શકાય કે, તેવા શબ્દોનો ઉશ્કેરણી માટે કે, જાહેર સુલેહ શાંતિનો ભંગ કરવા કે, બીજા કોઈ ગુના કરવા માટે ઉપયોગ થયેલ છે કે, કેમ ? અને જો તેવા શબ્દો રેકર્ડ પર આવેલ ન હોય તો, કોર્ટ તે અન્વયે નિર્ણય કરી શકે નહીં અને તેવા સંજોગોમાં, ઈ.પી.કોડની કલમ–૫૦૪ પુરવાર થયેલ હોવાનું કહી શકાય નહીં તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે એ.બી.વાટલિયા(પી.એસ.આઈ.) વિરૂદ્ધ ગુજરાત રાજય અને બીજાના કિસ્સામાં કે, જે 2011(3)4 જી.એલ.આર., પાના નં.–2557 પર પ્રસિદ્ધ થયેલ છે, તેમાં નીચે મુજબના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

**2011(3) GLR 2557**

**A.B.VATALIYA(P.S.I.) V. STATE OF GUJARAT AND ANR.**

(A) Criminal Procedure Code, 1973(2 of 1974) - Sec. 482 - Indian Penal Code, 1860(45 of 1860) - Sec. 504 - Offence of intentional insult with intent to provoke breach of peace - Complaint must mention in the complaint the exact words used by the accused - Complaint found to be without specific allegations - Proceedings qaushed.

The allegations are levelled against the present petitioner-accused No.4 that respondent No.2 was called in Police Station and there, P.S.I. Mr. A. used abusive language and behaved with him as if respondent No.2 was

an accused person who has committed some serious crime. Learned J.M.F.C., Court No.2, Gandhinagar has taken note of these allegations in its order and believed that the behaviour of the petitioner-accused No.4 is sufficient to constitute an offence as the ingredients of Sec. 504 of I.P.C. are satisfied, and therefore, he has issued process against the present petitioner-accused No.4 (para 5) The complaint dated 28-1-2003 appears to be vague and no specific allegations are made which can show that the ingredients of Sec.504 of I.P.C. are attracted qua accused No.4 for issuance of process. In order to appreciate whether the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature mentioned above, it was necessary to know that what were the abusive words alleged to have been used by the petitioner. In the instance case,no such abusive words are mentioned or specified in the complaint. Therefore, it cannot be said that the language used by the petitioner would amount to an insult of the type as would invoke provocation of the nature stated above.(Para 8) Proceedings quashed.(See Para 12)

આમ, સદર ઈ.પી.કોડની કલમ-૫૦૪ મુજબ શિક્ષાપાત્ર ગુનાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે આરોપીઓએ ઉચ્ચારેલ શબ્દો રેકર્ડ પર લાવવા પડે અને તે શબ્દો ઉપરથી ફરીયાદપક્ષના સાહેદો ઉપર થયેલ અસર પણ ફરીયાદપક્ષે લાવવી પડે. પરંતુ આરોપીના ઉશ્કેરણીજનક શબ્દો તથા તેનાથી ફરીયાદપક્ષના સાહેદો ઉપર થયેલ ઉશ્કેરણી જેવી અસર અંગે કોઈ જ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ઈ.પી.કોડની કલમ-૫૦૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાની હકીકતો પુરવાર થતી નથી.

**(૨૦)** આરોપી વિરૂદ્ધ ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે, તે અંગે જોઈએ તો, ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) નીચે મુજબ છે.

◆ **<u>ઈ.પી.કોડની કલમ ૫૦૬(૨) ગુનાહિત ધમકીની સજા</u> :–**

'' કોઈપણ વ્યકિત ધમકી મૃત્યુ નિપજાવવાની અથવા મહાવ્યથા કરવાની અથવા આગથી કોઈ મિલ્કતનો નાશ કરવાની અથવા આજીવન કેદની અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવાની આપે અથવા સ્ત્રી પર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવાની હોય તો તેને સાત વર્ષ સુધીની બે માંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંને સજા કરવામાં આવશે.''

➔ **ઈ.પી.કોડની કલમ ૫૦૬(૨) ના આવશ્યક તત્ત્વો નીચે મુજબ છે.**

(૧) આરોપીએ ફરીયાદીને તેના શરીર, મિલ્કત, અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિત સાથે હિત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાની ધમકી આપી,

(૨) આવી ધમકી ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા

કાનૂન બધ્ધ ન હોય તેવું કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવું કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારિત્ર્યહિનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

હવે, મારી નાંખવાની ધમકી આપવી તે ઈ.પી.કોડની કલમ –૫૦૬(૨) અન્વયેનો ગુનો બને છે કે કેમ? તે અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમના **મુનસફખાન યાસીનખાન પઠાણ અને બીજા વિરૂદ્ધ ગુજરાત રાજયનો ચુકાદો જે 2002 (1) જી.એલ.એચ.( યુ.જે )**પાના નંબર પર પ્રસિદ્ધ થયેલ છે. તેમાં

નામદાર ગુજરાત હાઈકોર્ટે સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે. જેની હેડ નોટ નીચે પ્ર માણે છે.

**Indian Penal Code, 1860 - Sections 506(2) & 503** Criminal intimidation-Threat to cause death or grievous hurt- Necessary ingredients- Complainant should have been alarmed by the threat administered to him- Evidence indicates a clear absence of any apprehension and/or fear so as to cause alarm to the complainant- No evidence that because of threat, complainant was unable to attend to his duties of any point of time after he lodged the complaint- Words uttered by the accused did not cause any alarm to the complainant- Offence not proved.

આમ, ઉપરોકત નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદા મુજબ ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨)નો ગુનો પુરવાર કરવા માટેફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે આરોપીઓની ધમકીથી ફરીયાદી ઉપર અસર થવી જોઈએ અને તેવી અસર/બીકના કારણસર ફરીયાદીને પોતાના કોઈ કામકાજમાં કોઈ અડચણ ઉભી થયેલ હોય કે તેવી અડચણના કારણે તેઓ પોતાનુ કોઈ કામકાજ કરી શકેલ ન હોય કે જે કામ કરવા તેઓ માંગતા ન હોય તેવું કામ કરવાની તેઓને ફરજ પડેલ હોય, જે ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) ના ગુનાના આવશ્યક તત્વો છે.

હાલના કામે ફરીયાદપક્ષના સાહેદનો પુરાવો જોતા, ફરીયાદીએ આરોપીની જાનથી મારી નાંખવાની ધમકીના કારણે ફરીયાદ દાખલ કર્યા બાદ કે ફરીયાદ દાખલ કર્યા પહેલા કોઈપણ સમયે તેવી ધમકીના અસર હેઠળ પોતાની રોજીંદી કામગીરીમાં કે ફરજ કરતાં અટકી ગયેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. વધુમાં ફરીયાદી સાહેદે પોતાની ઉલટ તપાસમાં બનાવ બન્યા બાદ આરોપીઓએ ફરીયાદીને કોઈ ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ

નથી. તેથી, ઉપરોકત ચુકાદામાંના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો હાલના કામે પુરેપુરા લાગુ પડે તેમ છે અને તેથી ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો પુરવાર થયેલ હોવાનું માની શકાય તેમ નથી. આમ, ઈ.પી.કોડની કલમ–૫૦૬(૨) અન્વયેના શિક્ષાપાત્ર ગુનાઓની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

**<u>ઈ.પી.કો.કલમ–૧૧૪ ના આવશ્યક તત્વો</u> :–**

(૧). મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે ગુન્હો બન્યો હોજો જોઈએ.

(૨). તે મુખ્ય ગુન્હામાં મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

(૩). ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ.

(૪). અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ તથા

૫). ગુન્હો બનતા પહેલાં તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ. આમ હાલના ગુનામા જોતા ફરીયાદી ધ્વારા આરોપી સાથે માત્ર બોલાચાલી થયેલી તે સીવાય બીજો કોઈ બનાવ નહી બનેલ હોવાનુ જણાવેલ છે. તેમજ ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામા આવેલ પુરાવામા આરોપી કે આરોપી સાથે અન્ય કોઈ ઈસમો ધ્વારા ગુનો આચરવામા આવેલ હોવા બાબતે કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી. જેથી હાલના ગુનામા ઈ.પી.કો. કલમ– ૧૧૪ મુજબનો ગુનો બનેલ હોવાની કોઈ હકીકત પુરવાર થતી નથી.

**<u>જી.પી.એકટ ની કલમ–૧૩૫(૧) ના આવશ્યક તત્વો</u> :–**

વધુમાં આ કામે આરોપીઓ સામે જ જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના ગુનાનો પણ આરોપ છે. ફરિયાદપક્ષના કેસ મુજબ આરોપી નં. ૧ નાએ છરી ધારણ કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલો. આ અંગે જોવામાં આવે તો ત.ક. અમલદારનાએ હથિયાર બંધીનું જાહેરનામું રજુ કરેલ છે અને

તેની જાહેર પ્રસિદ્ધ કરેલાનું જણાવે છે પરંતુ, જાહેરનામાની બહોળી પ્રસિદ્ધી થયેલ હોય તેનો કોઈ આધાર આ કામે રજુ રાખેલ નથી. તેઓએ આ કામે જાહેરનામું પબ્લિક સ્થળે પ્રસિદ્ધ કરેલ હોય તેવો પણ આધાર પુરાવો તપાસના કામે મેળવેલ નથી કે જોડેલ નથી આમ કહેવાતા બનાવ સમયે અને સ્થળે જી.પી.એકટ કલમ ૧૩૫ માં પ્રબંધ કરવામાં આવે તે રીતે જાહેર જનતાની જાણમાં આવે તે રીતે હથિયાર બંધીનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તેવી વિગત ફરિયાદ પક્ષ પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. **ધી સ્ટેટ વિ.અજીજખાન સુબેદાખાન ૧૯૫૬ ક્રિ.લો.જ.૧૨૯૪** માં સ્પષ્ટ ઠરાવેલ છે કે જાહેરનામાની પ્રસિદ્ધી કરાવવી જરૂરી છે. આમ જાહેરનામાના અમલ માટે તેની પ્રસિદ્ધી બહુ જ અગત્યની હોય છે. હાથ પરના કેસમાં જાહેરનામાની પ્રસિદ્ધી થયેલ છે કે નહી તેનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આથી એવુ માની શકાય નહી કે બનાવ સમયે અને સ્થળે હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતુ. આમ કહેવાતા બનાવ સમયે અને બનાવ સ્થળે જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનું હથિયારબંધીનું જાહેરનામું અમલમાં હતુ કે કેમ? તેવી કડી પર્યાપ્ત પુરાવાના અભાવે ફરિયાદ પક્ષ પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીએ જાહેરનામાનો ભંગ કર્યો હોય તેવી હકીકત સાબીત થતી નથી.

**(૨૧)** આમ, આ કામે રજુ કરવામાં આવેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે આંક- ૪૪ થી ફરીયાદી કનુભાઈને તપાસવામાં આવેલ છે તેમની જુબાની લક્ષમા લેતા સદર સાહેદ સરતપાસમા જણાવે છે કે ગાયત્રીબેનને મુકેશભાઈએ લાફો મારેલ પરંતુ આવી હકીકત તેમની આંક- ૪૫ થી રજુ અસલ ફરીયાદમા જોતા આવી કોઈ હકીકત તેમણે જણાવેલ નથી. વધુમાં સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવ્યા અનુસાર કોઈ આરોપીઓએ તેમને માર મારેલ હોય કે તેમની સાથે ગડદાપાટુનો માર મારી બીભત્સ ગાળો બોલેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી પરંતુ આ કામે રજુ આંક- ૪૫ વાળી ફરીયાદ જોવામાં આવે તો એવુ લખાવેલ છે કે , આ પ્રવીણભાઈ તથા મુકેશભાઈ, દશરથભાઈ તથા બાલાભાઈ અમારા ઘરે આવેલા અને અમોને કહેવા લાગેલ કે મજુરીના રુપીયા નહી મળે અને ગાળા ગાળી કરવા લાગેલ અને મુકેશભાઈ બુધાભાઈ પરમાર નાઓના હાથમા લાકડી હોય

અમોને લાકડીથી માર મારવા લાગેલ જેથી મારા નાનોભાઈ શૈલેશભાઈ કાન્તીભાઈ પરમાર વચ્ચે પડતા તેઓને પણ લાકડીનો માર વાગેલ, તથા આરોપીઓએ બીભત્સ ગાળો બોલી મને ફરીથી લાકડીથી મારા શરીરના ભાગે માર મારેલ અને મને બાથે પડી જઈ ગડદાપાટુનો માર મારવા લાગેલ અને અને મને કહેલ કે મજુરીના રુપીયા નહી તારે જે કંઈ કરવુ હોય તે કરી લેજે આમ આંક– ૪૫ ની ફરીયાદીની ફરીયાદ અને ફરીયાદીની આંક– ૪૬ની સરતપાસમા વીરોધાભાષ જોવા મળે છે. વધુમાં તેમની ફરીયાદમા કુલ – ૪ આરોપીઓના નામ જણાવેલ છે પરંતુ તેમની સરતપાસમાં માત્ર બે જણા દશરથભાઈ અને મુકેશભાઈના સાથે જગડો થયેલો હોવાની હકીકત જણાવે છે કે જેથી પણ તેમના ધ્વારા આંક– ૪૫ની ફરીયાદની હકીકતને સમર્થન મળતુ નથી. વધુમા સદર સાહેદ તેમની ઉલટતપાસમા સ્વીકારે છે કે , એ વાત ખરી છે કે બનાવ મે નજરો નજર જોયેલ નથી એ વાત છે કે અમારે અને આરોપીઓને અવાર નવાર બોલાચાલી થતી હોય છે એ વાત ખરી છે કે સામાન્ય બોલાચાલી થતા આવેશમાં આવી ફરીયાદ આપી હતી. એ વાત ખરી છે કે બનાવ બન્યો તે સમયે અંધારુ હતુ જેથી કોને કોણે મારેલ તે હુ ના કહી શકુ. વધુમાં તેમનીસરતપાસમા જોવામાં આવે તો ફકત ગાયત્રીબેનને લાફા મારવામાં આવેલ અને શૈલેષભાઈને માર મારવામાં આવેલ પરંતુ આંક– ૪૫ વાળી ફરીયાદમાં જોવામાં આવે તો શેલૈષભાઈ, દીનેશભાઈ કાન્તીભાઈ, કાન્તીભાઈ મથુરભાઈ , ગાયત્રીબેન તથા ફરીયાદીને ગડદાપાટુનો માર તથા લાકડીઓ વડે મારવામાં આવેલ હોવાની હકીકત જણાવે છે આમ ફરીયાદીની જુબાની અને ફરીયાદીની મુળ ફરીયાદની હકીકતો મા વીરોધાભાષ જણાય છે ફરીયાદીની ફરીયાદ ઉપર શંકા ઉપસ્થીત થાય છે.

વધુમાં આ કામે આંક– ૪૭ થી ઈજાપામનાર સાહેદ દીનેશભાઈ કાન્તીભાઈ પરમારનાઓને તપાસવામાં આવેલ છે , જેમની જુબાનીનુ પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો , તેમની સરતપાસમાં જણાવેલ છે કે , બુમાબુમ થતા હુ મારા

ઘરેથી બનાવ વાળી જગ્યાએ આવેલ શૈલેષભાઈને પાડી દીઘેલ હતો હુ તથા મારી ભત્રીજી ગાયત્રી તથા મારા પપ્પા વચ્ચે પડતા મારા ભાઈ શૈલેષભાઈ, કનુભાઈ, અને ભત્રીજી ગાયત્રીને માર મારેલ. પરંતુ સદર સાહેદ તેમની ઉલટતપાસમા સ્વીકારે છે કે , અમારે સામાન્ય બોલાચાલી થયેલી, બનાવ સમયે અં ધારુ હતુ તેમજ બનાવ સમયે ટોળુ ભેગુ થઈ ગયેલ હતુ જેથી ટોળામાં કોણે કોને મારેલ તે હુ ના કહી શકુ તેમ જણાવી એ વાતનો સ્વીકાર કરેલ પોલીસે ખાલી મારુ નામ ઠામ પુછેલ બાકીનુ પોલીસે લખી લીઘેલ હતુ આમ સદર સાહેદની સરતપાસ અને ઉલટતપાસમાં જ વીરોઘાભાષ જણાય છે તેમની ઉલટતપાસમા સ્વીકારેલ હકીકતો મુજબ તેમની જુબાનીથી ફરીયાદને સમર્થનકારી હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

આ કામે આંક- ૪૮ થી સાહેદ કાન્તીભાઈ મથુરભાઈ પરમારને તપાસવામાં આવેલ છે તેમનીજુબાની લક્ષમા લેવામાં આવે તો તેઓ પોતાની સરતપાસમા જણાવે છે કે બનાવ સમયે હુ બહાર ગામ ગયો હતો તેમ જણાવી તેઓએ ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ ના હોય તેમને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ફરીયાદી તરફે હોસ્ટાઈલ જાહેર કરેલા છે જેમા તેઓ પોલીસ નીવેદનની હકીકતોનો સ્વીકાર કરે છે પરંતુ બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમા સદર સાહેદ એ હકીકતોનો સ્વીકાર કરે છે કે , બનાવના દીવસે તેઓ બહાર ગામ ગયેલા હતા જેથી તેઓ બનાવ બાબતે કંઈ જાણતા નથી. પોલીસે માત્ર તેમનુ નામ અને સરનામુ પુછેલ હતુ તે સીવાય તેઓએ પોલીસને કશુ લખાવેલ નથી. આમ સદર સાહેદ એક તરફ એવુ જણાવે છે કે બનાવના દીવસે તેઓ બહાર ગામ હતા અને બનાવ બાબતે તેઓ કશુ જાણતા નથી. તો બીજી તરફ આંક -૫૮ થી સદર સાહેદે કરાવેલ સારવારનુ કેસ પેપર તથા આંક- ૫૭ થી રજુ સદર સાહેદના એમ.એલ.સી. સર્ટી જોતા તેઓએ ઈજા અંગેની સારવાર કરાવેલી હોવાનુ જણાય છે આમ રજુ રેકર્ડ ઉપર પુરાવા તેમજ તેમની જુબાની જોતા આખો

બનાવ/ફરિયાદ બાબતે શંકા ઉપજે છે અને આરોપી પક્ષની આ દલીલમા ફકત જણાય આવે છે કે, આરોપીઓ વિરુધ્ધ ખોટી ફરિયાદ કરવામાં આવેલ છે.

વધુમા આ કામે આંક– ૪૬ થી તપાસવામા આવેલ સાહેદ કે જેઓ ઈજાપામનાર છે તે શૈલેષભાઈ કાન્તીભાઈ પરમારને તેમની જુબાનીમા જણાવે છે કે , મને લાકડી દશરથભાઈ તથા મુકેશભાઈએ મારેલ હતી. તેમજ મારી ભત્રીજીને દશરથભાઈ અને મુકેશભાઈ એ માર મારેલ. બનાવ આશરે પાંચ વાગે બનેલો તથા સદરહુ સાહેદ તેમની ઉલટતપાસમા જણાવે છે કે બનાવ સમયે અં ધારુ હતુ તેમજ લાકડી ગાંઠો વાળી હતી તેથી હુ ઓળખી શકુ નહી. અને આ કામે ફરીયાદ પક્ષે રજુ રખાવવામાં આવેલ સદરહુ સાહેદના મેડીકલ કેસપેપર આંક– ૫૫ અને આંક– ૫૬ થી સારવાર સર્ટીમાં જણાવેલ છે કે લાકડી મુકેશભાઈ તથા પ્ર વીણભાઈ બાલાભાઈ એ મારેલ છે અને આ પ્રવીણભાઈને હાલના કેસમાં આરોપી તરીકે પણ દર્શાવેલ નથી. આમ સદર સાહેદની સરતપાસ તથા ઉલટતપાસ અને સારવારની હકીકતોમાં જુદો જુદો વીરોધાભાષ જોવા મળે છે. તે જ રીતે આ કામે આંક– ૪૭ વાળા સાહેદ દીનેશભાઈ જણાવે છે કે આરોપીઓ પાસે સોટા હતા અને પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાંસની લાકડી જે ૧ છે.તે પાંચ ગાંઠો વાળી લાકડી છે. આમ જે વ્યકતીને ઈજા થયેલી છે તે વ્યકતી મુદ્દામાલ લાકડી પણ ઓળખી શકે નહી અને બીજા સાહેદ સોટા હોવાનુ જણાવે જેથી પણ વીરોધાભાષ ત્યા ઉદભવતો જોવા મળે છે અને ફરીયાદની વીશ્વસનીયતા ઉપર શંકા નીપજાવે છે. તેમજ આંક– ૬૧ અને આંક– ૬૨ વાળા એમ.એલ.સી. અને મેડીકલ સર્ટી જોતા મુકેશભાઈ તથા પ્રવીણભાઈ એ લાકડી મારેલ હતી. વધુમાં આંક– ૭૩ના સાહેદ ગાયત્રીબેન પોતાની સરતપાસમાં જણાવે છે કે , મને પણ લાકડી વાગેલ આ લાકડી કોણે મારેલ હતી તે ખબર નથી. તેમજ સદર સાહેદ તેમની ઉલટતપાસમા જણાવે છે કે બનાવ સમયે હુ મારા ઘરમા હતી બનાવ બન્યો તે સમયે અંધારુ હતુ વધુમાં આ સાહેદ તેમની સરતપાસમા

જણાવે છે કે દશરથભાઈ બાલાભાઈ અને મુકેશભાઈ પાસે લાકડીઓ હતી અને આ ત્રણે તેમના પપ્પા એટલે કે હાલના કામના ફરીયાદીને માર મારતા હતા પરંતુ ફરીયાદીની આંક– ૪૪ ની જુબાનીમા એવુ જણાવેલ છે કે, તેમની સાથે કંઈ બનેલ નથી. જેથી પણ વિરોધાભાષી હકીકતો જોવા મળે છે. ફરીયાદીએ આવી કોઈ હકીકત જણાવેલ નથી. તેજ રીતે આંક– ૫૭ અને આંક– ૫૮ ફરીયાદીના સારવાર સર્ટી જોતા સાંજે સાત વાગે પ્રવીણભાઈ બાલાભાઈ અને મુકેશભાઈએ ધારીયુ ડાબા પગમાં મારેલ હોવાનુ જણાવેલ છે પરંતુ ફરીયાદી પોતાની જુબાની આવી કોઈ હકીકત જણાવેલ નથી. વધુમાં આ કામે રજુ આંક– ૪૫ની ફરીયાદ તથા આંક– ૭૦ નુ સુચીપત્ર તથા ત્રણેય ઈજા પામનારના મેડીકલ સારવારના સર્ટી આંક– ૫૫ થી ૬૦ જોતા તેમની મેડીકલ હીસ્ટ્રી માં પ્રવીણભાઈ બાલાભાઈને ઈજા આપનાર તરીકે બતાવવામાં આવેલ છે. તો કયા કારણથી પોલીસે ચાર્જશીટમાં માત્ર ૩ આરોપીઓનો જ ઉલ્લેખ કરવામાં આવેલ છે અને આ પ્રવીણભાઈ બાલાભાઈના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તે બાબતનો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી. પ્રવીણભાઈને આરોપી તરીકે જ બતાવેલ નથી આમ સમગ્ર હકીકત જોતા ફરીયાદના તથ્યની પ્રામાણીકતા ઉપર શંકા ઉપસ્થીત થાય છે. તેમજ વકીલશ્રીની દલીલમા તથ્ય જણાય આવે છે કે બન્ને પક્ષો વચ્ચે જૂની અદાવત થવાથી હાલની ખોટી ફરિયાદ સદર આરોપીઓ વિરુધ્ધ કરવામાં આવેલ છે. બન્ને પક્ષો વચ્ચે જુની અદાવત ચાલી આવે છે અને અવાર નવાર તેઓની વચ્ચે બોલાચાલી થતી હોય છે, જે વાત ફરીયાદીએ પોતે પોતાની ફરીયાદમાં સ્વીકારેલ છે. અને એવુ જણાવેલ છે કે આવેશમાં આવી ફરીયાદ આપી હતી આ કારણથી પોલીસ રુબરુના નીવેદનો અને સાહેદોની સરતપાસ અને ઉલટતપાસમાં આટલો ઘણો વીરોધાભાષ જોવા મળી રહયો છે. આ કામે ફરીયાદમા કયાય ધારીયુ વાપરવાાં આવેલ હોય તેવુ જણાવેલ નથી. અને ગાયત્રીબેન કે જે ઈજા પામનાર હતા તો પણ પોલીસ દ્વારા તેમના નીવેદન નોંધવામાં આવેલા નથી. વધુમાં આંક– ૭૩ ના સાહેદ ગાયત્રી બેન એવુ

જણાવે છે કે ત્રણે આરોપીઓના હાથમાં લાકડીઓ હતી જયારે તેમના સીવાયના બીજા સાહેદો એવુ સ્વીકારે છે કે મુકેશભાઈ એકલાના હથામાં લાકડી હોવાનુ જણાય છે. આમ બનાવ ઉપર શંકા ઉપસ્થીત થાય છે.આમ , ફરીયાદને મદદરુપ પુરાવો ફરીયાદ પક્ષના સાહેદોની જુબાની થી રેકર્ડ ઉપર આવતો નથી. તેમજ આ ગુનામા તપાસવામા આવેલ પંચો અને સાહેદો તમામ ફરીયાદીના કુટુબી સગા છે અને એક જ ગામના રહેવાસી છે તેમ છતા સમગ્ર પુરાવાથી ફરીયાદની હકીકતોને પુરતુ સમર્થન મળેલ નથી જેથી, આરોપીઓ સામેનુ તહોમત શંકા રહીત પુરવાર થઈ શકે નહીં. સદર કામના આરોપી નં.૨ અને ૩ નામદાર કોર્ટ માં હાજર રહેલ છે અને આરોપી નં.૧ કોર્ટમા હાજર રહેલ ન હોય જેથી તેઓના વિધવાન વકીલશ્રી એ આંક–૭૬ થી અરજી આપી જણાવે છે કે આરોપી નં.૧ ના દાદી મરણ ગયેલ હોવાથી આજ રોજ નામદાર કોર્ટમાં હાજર રહેલા નથી. સી.આર.પી.સી. કલમ– ૩૫૩(૬) ધ્યાને લેતાં જો આરોપી વિરુધ્ધ કોઈ સબળ પુરાવો રજુ થયેલ ના હોય તો આરોપીને છોડી મુકતો હુકમ આરોપીની ગેરહાજરીમાં પણ કરી શકાશે તેવી જોગવાઈ કરેલી છે. અને સદર કામે આરોપીના હિતની વિરુધ્ધનો કોઈ હુકમ કરવાનો રહેતો નથી.જેથી આરોપીની હાજરીનીં જરૂર નથી. સદર કામે પુરાવો જોતાં આરોપી વિરુધ્ધ કોઈપણ રીતે કેસ સાબીત થતો નથી અને આરોપીના હીત વિરુધ્ધનો કોઈ કેસ ના હોય આરોપી નિર્દોષ ઠરાવતો હુકમ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવે તો વાંધો નથી.તે સંજોગોમાં આ કામે ફરીયાદી તરફે રજુ થયેલ તમામ પુરાવાને ધ્યાને લેતાં પણ આરોપીઓ સામેનુ તહોમત પુરવાર થતુ નથી. જેથી આરોપીઓ સામેનો ભારતીય દંડ સહિતાની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એટકકલમ– ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું રજુ થયેલ પુરાવાથી પુરવાર થતુ ન હોય, ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધના ગુન્હાનું એક પણ તત્ત્વ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલા હોય, મુદ્દા નં.૧ નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરું છું.

## -: <u>આખરી હુકમ</u> :-

- આરોપી નં.**(૧) મુકેશભાઈ બુધાભાઈ પરમાર (૨) દશરથભાઈ પ્રવિણભાઈ પરમાર (૩) બાલાભાઈ મથુરભાઈ પરમાર** રહે. પાટચો, તા.ધનસુરા જી. અરવલ્લીનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ-૨૪૮(૧) અન્વયે, ભારતીય દંડ સહિતાની કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ લાકડી અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- આ કામના આરોપીઓએ સી. આર. પી. સી. કલમ ૪૩૭(એ) મુજબ આ હુકમથી અપીલ સમય સુધીના રૂા.૧૫૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજારપુરા)ના જામીન તથા જાત મુચરકા રજુ કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ-૧૫, માહે- મે, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

તા.૧૫-૦૫-૨૦૨૬
સ્થળ : ધનસુરા

**(સબા સૈયદ)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ધનસુરા
**Code No.GJ-01578**